

**સૂના પડ્યા રસ્તા...** રેલવે સ્ટેશન અને આસપાસના પરિસરમાં ગેરકાયદે બેસનારા ફેરિયાઓને કારણે નાગરિકોને ચાલવામાં મુશ્કેલી પડે છે અને અનેક વખત ટ્રાફિક જામની સમસ્યાનું કારણ પણ આ ફેરિયાઓ જ હોય છે. મનસે દ્વારા આપવામાં આવેલી ધમકીને પગલે બોરીવલી વેસ્ટમાં આવેલા સ્ટેશન રોડ પરિસરમાંથી બધા ફેરિયાઓને હટાવવામાં આવ્યા હતા અને રસ્તાઓએ લાંબા સમય બાદ 'મોકળો શ્વાસ' લીધો હતો. (જયપ્રકાશ કેળકર)

# પાલિકાના પરિસરમાં ૨,૪૦૦ કિલો કચરા પર પ્રક્રિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* કચરા પર પ્રક્રિયા કરવાનું મુંબઈગરા માટે ફરજિયાત કરનારી પાલિકાનો કારભાર અજબનો હોવાની ટીકા થયા બાદ હવે પ્રશાસન જાગી છે. તે મુજબ પાલિકાએ પોતાના દસ વોર્ડના પરિસર સહિત મંત્રાલય પાસેના મહિલા વિકાસ સંસ્થાના પરિસરમાં કચરામાંથી ખાતર બનાવાનો આરંભ કર્યો છે. આ તમામ ૧૧ સ્થળો પર દરરોજ બે હજાર ૪૦૦ કિલો જેટલા કચરામાંથી અળસિયા નિર્મિત ખાતરનું ઉત્પાદન થઈ રહ્યું છે. તો વધુ છ ઠેકાણે કુલ ૬૦૦ કિલો ક્ષમતાનો પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં છે.

કચરાની સમસ્યા દિવસે ને દિવસે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. પ્રતિદિન નીકળતા કચરા સામે મુંબઈના ડમ્પિંગ ગ્રાઉન્ડની ક્ષમતામાં વધારો નથી થઈ રહ્યો. તેને પગલે પાલિકાએ મુંબઈની હાઉસિંગ સોસાયટીઓને તેમના પરિસરમાં કચરા પર પ્રક્રિયા કરવાનું ફરજિયાત કર્યું છે. દરરોજ સો કિલો કરતાં વધુ કચરાનું નિર્માણ કરનારી સોસાયટીઓને આ નિયમ લાગુ કર્યો છે. જોકે પાલિકાની પોતાની ઓફિસમાં આ પ્રોજેક્ટ કેમ ઊભો કરતી નથી? એવી ટીકા થઈ રહી હતી. તેને પગલે પાલિકાએ પોતાની અમુક ઓફિસમાં આ પ્રોજેક્ટ અમલમાં મૂકયા છે. જોકે ૨૪માંથી પોતાના ૮ વોર્ડમાં જોકે હજી સુધી કચરા પર પ્રક્રિયા કરવાનું ચાલું નથી કર્યું.

પાલિકાએ હાલ જુદી જુદી જગ્યાએ કચરા પર પ્રક્રિયા કરવાનું ચાલુ કર્યું છે, જેમાં વિલેપાર્લે (પશ્ચિમ)માં કૂપર હૉસ્પિટલના પરિસરમાં પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો છે જ્યાં દરરોજ ૧૦૦ કિલો ભીના કચરામાંથી છ અઠવાડિયામાં સેન્દ્રિય ખાતર તૈયાર થાય છે. બોરિવલી (પશ્ચિમ)માં આર-સેન્ટ્રલ વોર્ડની ઓફિસમાં દરરોજ ૧૫૦ કિલો ભીના કચરા પર પ્રક્રિયા કરવામાં આવવાની છે. કાંદીવલી (પશ્ચિમ)માં દિવ્ય દર્શન સોસાયટીના પરિસરમાં આવેલી મુંબઈ મહાનગરપાલિકાની માલિકીની બજારમાં પણ ભીના કચરામાંથી સેન્દ્રિય ખાતર તૈયાર કરવાનો પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો છે. પી-દક્ષિણ અને પી-ઉત્તર વોર્ડની ઓફિસના પરિસરમાં અનુક્રમે ૧૫૦ કિલો અને ૧૦૦ કિલો કચરા પર પ્રક્રિયા કરવામાં આવવાની છે. ■

# સ્માર્ટસિટી માટે સ્વીડન પાસેથી પ્રેરણા લેશે મહારાષ્ટ્રઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* સ્માર્ટ સિટીના વિકાસ માટે યોગ્ય ટેક્નોલોજી, ઘનકચરાની નિકાલ વ્યવસ્થા, સાર્વજનિક ટ્રાફિક મેનેજમેન્ટ સૅક્શન ક્ષેત્રમાં જેમ બને તેમ વધુ સહકાર્ય મેળવી શકાય એ માટે સ્વીડનના વડા પ્રધાન સ્ટીફન લૉફવેન અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે સકારાત્મક ચર્ચા થઈ હતી.

દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ રાજ્યનું પ્રતિનિધિમંડળ બે દિવસ માટે સ્વીડન યાત્રાએ ઉપડ્યું હતું. આ શિષ્ટમંડળે મુલાકાતના પહેલાં જ દિવસે વિવિધ ઉદ્યોગજૂથ અને મહાનુભાવો સાથે સંવાદ સાધ્યો હતો. સ્વીડનના વડા પ્રધાન લૉફવેન સાથે થયેલી મુલાકાત મહત્ત્વની પુરવાર થઈ હતી. ભારતમાં સ્વીડનના ઉદ્યોગધંધાઓ માટે રહેલી મોટી મોટી તકની માહિતી લૉફવેનને આપવામાં આવી હતી.

સ્માર્ટ સિટી માટે ઉપયોગમાં લેવામાં આવતી ટેક્નોલોજી, ઘનકચરા અને ડ્રેઈનેજની ગોઠવણ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં વધુમાં વધુ સહકાર્ય કરવા બાબતે પણ લૉફવેનની મુખ્ય પ્રધાન સાથે સકારાત્મક ચર્ચા થઈ હતી. આ ચર્ચા વખતે કેન્દ્રીય પ્રધાન સુરેશ પ્રભુ અને ઉદ્યોગ ખાતાના પ્રધાન સુભાષ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં નિર્માણ કરાઈ રહેલાં સ્માર્ટ સિટી, ઘનકચરા વ્યવસ્થાપન, ડ્રેઈનેજ સિસ્ટમ, પબ્લિક ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ, ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રના સુધારાઓ જેવા વિવિધ વિષયો પર ફડણવીસ અને લૉફવેન વચ્ચે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી.

સ્વીડન પાસે રહેલી ટેક્નોલોજી અને મહારાષ્ટ્ર પાસે રહેલી તકનો જો યોગ્ય સમન્વય સધાય તો આ ક્ષેત્રે વ્યાપક સિદ્ધિ હાંસિલ કરી શકાય. ■

# દારૂ પીધા બાદ રૂપિયાને લઈ થયેલા વિવાદમાં મિત્રની હત્યાઃ બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* સાથે દારૂ પીધા બાદ રૂપિયાને લઈ થયેલા વિવાદમાં લોખંડનો સળિયો માથામાં ફટકારી મિત્રની હત્યા કરવામાં આવી હોવાની ઘટના ઘાટકોપરમાં બની હતી. હત્યા બાદ મૃતદેહને ત્રીજા માળેથી નીચે ફેંકી ઝાડીઝાંખરાંમાં સંતાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોઈ આ મામલે પોલીસે બે જણની ધરપકડ કરી હતી.

પંતનગર પોલીસના જણાવ્યા અનુસાર મૃતક મંગલ અમરનાથ શર્મા (૨૬) ઘાટકોપર પૂર્વના નેતાજીનગર સ્થિત ઈમારતના ત્રીજા માળે રહેતો હતો. શર્માનો મૃતદેહ બુધવારે સવારે મળી આવતાં તેના ભાણેજ રાહુલ શર્માએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ બાદ બન્ને આરોપીની ધરપકડ કરવામાં આવી હોઈ તેમની પૂછપરછ ચાલી રહી હોવાનું પોલીસનું કહેવું છે.

મળતી માહિતી અનુસાર શર્મા એ જ વિસ્તારમાં રહેતા તેના બે મિત્ર સાથે મંગળવારે રાતે દારૂ પીવા બેઠો હતો. કહેવાય છે કે દારૂ પીધા બાદ હજાર-બારસો રૂપિયાને મામલે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ગુસ્સામાં આવી આરોપીએ લોખંડનો સળિયો માથામાં ફટકારતાં શર્માનું મૃત્યુ થયું હતું. હત્યા બાદ શર્માના મૃતદેહને બારીમાંથી નીચે ફેંકવામાં આવ્યો હતો. બારી ઈમારતના પાછળના ભાગ તરફ હોઈ એ વિસ્તાર ઝાડીઝાંખરાંવાળો અને નિર્જન હોવાથી કોઈને જાણ થઈ નહોતી. મૃતદેહ પર પથ્થરો ગોઠવી સંતાડવાનો પ્રયાસ સુધ્ધાં કરાયો હોવાનું સૂત્રોનું કહેવું છે. ■

# પાલિકા જાગીઃ શતાબ્દી હૉસ્પિટલમાં ઉંદર પકડવાનું મિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* કાંદીવલી (પશ્ચિમ)માં આવેલી મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત શતાબ્દી હૉસ્પિટલમાં ઉંદરોનો ઉપદ્રવ વધી ગયો છે અને ગયા અઠવાડિયે ડાયાબિટીક દર્દીઓના આંખ અને પગ ફાડી ખાવાનો આઘાતજનક બનાવ બન્યા બાદ પ્રશાસન જાગ્યું છે. ઉંદરની વધી ગયેલી સંખ્યાને કાબૂમાં લાવવા માટે પ્રશાસને આપેલા આદેશને પગલે હૉસ્પિટલના કર્મચારીઓને માથે દર્દીઓને સંભાળવાને બદલે હવે ઉંદર પકડતા જોવા મળે એવી શકયતા નિર્માણ થઈ ગઈ છે.

૨૯ સપ્ટેબર અને ૮ ઑક્ટોબરના રોજ શતાબ્દી હૉસ્પિટલમાં બે મહિલા દર્દીઓને ઉંદર કરડવાની ઘટના બની હતી. હૉસ્પિટલમાં રહેલી ગંદકીને કારણે અગાઉ પણ આવો બનાવ બન્યો હોવાને કારણે પાલિકાની હૉસ્પિટલમાં દર્દીઓના આરોગ્ય સામે પ્રશ્ન નિર્માણ થઈ ગયો હતો. પ્રશાસનની ભારે ટીકા થતા છેવટે પાલિકાના એડિશનલ કમિશનર આય.એ.કુંદને મંગળવારે હૉસ્પિટલની મુલાકાત લીધી હતી અને ઉંદરને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાનો સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો હતો. તેમ જ ઉંદરને રોકવા માટે જુદી જુદી ઉપાયયોજના પણ પ્રશાસને હૉસ્પિટલના સંબંધિત અધિકારીઓને આપી છે.

ઉંદર રોકવા માટે પ્રશાસને હૉસ્પિટલને જુદા જુદા ઉપાય સૂચવ્યા છે, જેમાં ઉંદર પકડવા માટે હૉસ્પિટલમાં ઠેક ઠેકાણે પાંજરા મુકવાથી લઈને ગ્લૂ-પૅડ, રૅટ ગાર્ડ લગાડવાનું કહેવામાં આવ્યું છે. તેમ જ હૉસ્પિટલમાં તમામ સીવરેજ લાઈનની પાઈપલાઈન પર રૅટ ગાર્ડ બેસાડવા કીધું છે જેથી કરીને પાઈપ પર ચઢીને ઉંદર હૉસ્પિટલમાં અંદર આવી શકે નહીં. કચરામાં નાખવામાં આવતા અન્નપદાર્થને કારણે ઉંદરને ખાવાનું મળતું હોય છે તેથી હૉસ્પિટલની સ્વચ્છતા પર ભાર મૂકવામાં આવ્યો છે અને તે માટે ક્લીનઅપ-માર્શલ દ્વારા હૉસ્પિટલમાં સ્વચ્છતા જાળવી રાખવામાં આવવાની છે. હૉસ્પિટલની બારીઓ પર જાળી બેસાડવામાં આવવાની છે. ઉંદરના દરને બંધ કરવામાં આવવાના છે.

હૉસ્પિટલમાં ઉંદર, કૂતરા તથા બિલાડા જેવા પ્રાણીઓને રોકવામાં નિષ્ફળ જવા માટે હૉસ્પિટલની સાફસફાઈ કરનારા ૯ હાઉસકિપીંગ યંત્રણા સહિત ચાર મલ્ટીપર્પસ વર્કર અસોસિએશનને કારણ દર્શક નોટિસ મોકલવામાં આવી છે. એટલું જ નહીં પણ દર્દીઓને ઉંદર કરડવાના પ્રકરણમાં સંબંધિત યંત્રણાને કારણદર્શક નોટિસ પણ આપવામાં આવી છે. ■

# ક્વિન્ટલે કાંદાના ભાવ પહોંચ્યા ૨૭૦૦ રૂપિયાએઃ વધુ ભાવ વધી શકે

*મુંબઈ:* લાસલગાંવ કૃષિ ઉત્પાદન બાજાર સમિતિને કાંદાનો સારો ભાવ મળતો હોવાથી બુધવારે હોલસેલ માર્કેટમાં ક્વિન્ટલ દીઠ ભાવ ૨૭૦૦ બોલાયા હતા, જ્યારે સરેરાશ ભાવ ૨૪૫૦ બોલાયા હતા. આથી પાછોતરા વરસાદથી જે ફટકો પડ્યો હતો તે હવે તાત્પૂરતી સાંત્વના મળી છે.

વચગાળાના સમયમાં કાંદાના ભાવમાં કડાકો બોલી ગયો હતો, પરિણામે ખેડૂતો નાખુશ હતા, પરંતુ ગયા અઠવાડિયાથી કાંદાનો સારો સરખો ભાવ મળવાથી ખેડૂતો આનંદિત થઈ ગયા છે. બજારમાં બુધવારે લગભગ ૧૮૦૦૦ ક્વિન્ટલ કાંદાની આવક થઈ હતી. સતત પાછોતરા વરસાદની કાંદાની આવક ઓછી થઈ હતી અને ઊભા પાકને નુકસાનને લઈ કાંદાની માગ વધતા કાંદાનો ભાવ પણ વધતો રહેશે. છેલ્લા છ મહિનાથી છૂટક માર્કેટમાં ભાવ ૭થી ૧૦ રૂ. કિલોએ સ્થિર હતા, પણ હવે તેના ભાવ વધીને ૨૫ થી ૩૦ રૂ. કિલો પહોંચ્યો છે અને ભાવમાં હજુ વધારો થવાની વકી છે, એવું માર્કેટનાં વર્તુળોએ જણાવ્યું હતું.

# જેલમાં ચીની નાગરિકના મૃત્યુની તપાસનો અપાયો આદેશ

*થાણે:* જિલ્લા પ્રશાસને ગયા મહિને જ્યુડિશિયલ કસ્ટડીમાં ચીની નાગરિકના થયેલા મૃત્યુની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો છે.

ચીનનું નાગરિકત્વ ધરાવતા જીઆંગ ચેંગક્વિંગનું બીજી સપ્ટેમ્બરે જિલ્લા જેલમાં મૃત્યુ થયું હતું. થાણે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તેના મૃત્યુની તપાસ કરશે, એમ સાધનો પાસેથી જણાવવામાં આવ્યું હતું. ૪૮ વર્ષીય જીઆંગ હીરાની ચોરીના કેસમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં હતો.

જીઆંગ અને ચીનના અન્ય એક નાગરિક ડેંગ ક્ષિઆઓબો (૪૫)ની પહેલી ઑગસ્ટના ધરપકડ કરવામાં આવી હતી. બન્નેએ ગોરેગામમાં એક જ્વેલરી ઍક્ઝિબિશન દરમિયાન ૩૬.૫ લાખની કિંમતના હીરાની ચોરી કરી હતી. બન્ને આરોપીને ધરપકડ બાદ જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ થાણેની જેલમાં રાખવામાં આવ્યા હતા. ૨૯મી ઑગસ્ટે બન્નેને જમવાનું આપવામાં આવ્યું હતું. જમતાં જમતાં જીઆંગ અચાનક ઢળી પડતા તેને થાણેની સિવિલ હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. બીજી સપ્ટેમ્બરે ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. બન્ને આરોપી ૩૦મી જુલાઇના મુંબઇ આવ્યા હતા. તેઓ ખાસ ઍક્ઝિબિશન માટે જ મુંબઇ આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. (પીટીઆઇ)

# દિવાળીનો ઝગમગાટ જળવાઇ રહેશેઃ લોડશેડિંગ થશે નહીં!

*મુંબઇ:* દિવાળીના તહેવારમાં વીજળીના ધાંધિયા નહીં થાય, એવો દાવો રાજ્યમાં વીજળી વિતરણ કરતી મહાડિસકોમે કર્યો છે. દિવાળીના દિવસોમાં લોડશેડિંગની સમસ્યા ઉદ્ભવે નહીં તેની તકેદારી રાખવામાં આવશે, એમ મહાડિસકોમના ડિરેક્ટર વિશ્વાસ પાઠકે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર વીજળીની વધુ પુરાંત ધરાવતું રાજ્ય છે, પરંતુ કોલસાની અછતના કારણે વીજળીની ખેંચ પડી હતી, એમ પાઠકે કહ્યું હતું. રાજ્યમાં ૩૮ હજાર મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે. ઉપરાંત ૩૧ હજાર મેગાવોટ વીજળીની ખરીદી માટે લાંબા ગાળાના કરાર કરવામાં આવ્યા છે. તેની સામે ૧૮ હજારથી ૨૩ હજાર મેગાવોટની માગ છે, પરંતુ ભારે અને કમોસમી વરસાદ તેમ જ કોલસાની ખેંચના લીધે રાજ્યના કેટલાક વિસ્તારોમાં લોડ-શેડિંગનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સામાન્ય રીતે ૨૧ દિવસનો સરપ્લસ સ્ટોક રાખવો પડે છે તેની સામે આ વખતે માત્ર બે જ દિવસ ચાલે એટલી વીજળી હતી. હવે વીજળીની માગને પહોંચી વળવા વધારાની ખરીદી કરવામાં આવી છે તેથી આગામી દિવસોમાં લોડ-શેડિંગ નહીં થાય એવી બાંયધરી પાઠકે આપી હતી. કોલસાનો બફર સ્ટોક કરવા નાણાકીય સગવડ નહોતી? એવા પ્રશ્નનો ઉત્તર આપતાં પાઠકે કહ્યું હતું કે કોલસાનો સંગ્રહ કરવા જગ્યાનો અભાવ મુખ્ય કારણ છે. ઉપરાંત રોકાણ અને ખર્ચ વધી જાય એ ન પોસાય. હાલમાં રાજ્યમાં મહાડિસકોમના રહેવાસી, કમર્શિયલ અને એગ્રીકલ્ચર ક્ષેત્ર મળીને કુલ ૨.૪૦ કરોડ ગ્રાહક છે. (પીટીઆઇ)

# બીમાર પતિના બૅંક ખાતાનો હવાલો મેળવવા પત્નીની હાઇ કોર્ટમાં અરજી

*મુંબઇ:* નવી મુંબઇની એક મહિલાએ હાઇ કોર્ટમાં અરજી કરીને જણાવ્યું છે કે તેના ૬૩ વર્ષીય પતિ કોમામાં હોવાથી તેમના બૅંક ખાતાનો હવાલો તેને (મહિલાને) સોંપવામાં આવે અને તેને પતિના બૅંક ખાતાની ગાર્ડિયન નીમવામાં આવે, જેથી તે બીમાર પતિની સારવાર કરાવી શકે.

હાઇ કોર્ટે થાણે ક્લેક્ટોરેટના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પાસેથી બીમાર પતિના સ્વાસ્થ્યનો અહેવાલ મગાવ્યો હતો. મહિલાનો બીમાર પતિ જાહેર ક્ષેત્રની કંપનીનો નિવૃત્ત જનરલ મેનેજર છે.

મહિલાએ તેની અરજીમા દાવો કર્યો હતો કે તેનો પતિ છેલ્લાં એક મહિનાથી કોમામાં છે. તેને મગજની બીમારી છે અને તે વેજીટેટીવ સ્ટેટમાં છે. તેણે નવી મુંબઇની અપોલો હૉસ્પિટલના ન્યુરોલોજિસ્ટનો રિપોર્ટ પણ ટાંક્યો હતો.

ન્યાયમૂર્તિ એસ. એમ. કેમકરની ખંડપીઠે થાણે કલેક્ટોરેટના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને દંપતીના નેરુળ ખાતેના ઘરની મુલાકાત લઇ પતિના સ્વાસ્થ્ય અંગેનો અહેવાલ આ કેસની સુનાવણી પહેલા સુપરત કરવા જણાવ્યું છે. કોર્ટે મહિલા તેના પતિના બૅંક ખાતાનો હવાલો સંભાળે તેની સામે દંપતીની બે પુત્રીને કોઇ વાંધો નથી એમ જણાવતું સોગંદનામુ દાખલ કરવા પણ મહિલાને જણાવ્યું છે.

મહિલાનો પતિ જાહેર ક્ષેત્રની ઓઇલ કંપનીમાંથી જનરલ મેનેજર તરીકે નિવૃત્ત થયો હતો. તેને પક્ષઘાત (પેરેલિટિક સ્ટ્રોક) હુમલો આવ્યો બાદ ઑગસ્ટ ૩૦ના રોજ નેરુલની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારથી તે બેભાન અને કોમામાં જ છે તેમ જ વેન્ટિલેટર અને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર જ છે. એના અન્ય અંગો સ્થિર અને બરાબર કામ કરી રહ્યા હોવાથી હૉસ્પિટલે તેને ૨૮ દિવસ બાદ રજા આપી હતી અને ઘરમાં જ પેરામેડિકની દેખરેખ હેઠળ રાખવા જણાવ્યું હતું. દવાનો ખર્ચ પતિની કંપનીએ ઉઠાવ્યો હતો, પરંતુ પતિની માસિક સારવારનો ખર્ચ આશરે એક લાખ રૂપિયા થાય છે, જે માટે મહિલાને પતિના સેવિંગ્સ અને બૅંક ખાતામાંથી નાણા ઉપાડવાની મંજૂરી જોઇએ છે. (પીટીઆઇ)

# જંતુનાશક દવાના જોખમને દર્શાવવા કલર-કોડ ફરજિયાતઃ રાજ્ય સરકાર

*મુંબઇ:* જંતુનાશક દવાના જોખમને દર્શાવવા કલર-કોડનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નિષ્ણાતોની નિગરાની હેઠળ જંતુનાશક દવા પર રંગ લગાવવાનો કાયદો ફરજિયાત બનાવવા રાજ્ય સરકારે કેન્દ્ર સમક્ષ પરવાનગી માગતી અરજી કરી છે.

વિદર્ભમાં બનેલી કેટલીક ઘટનાઓને પગલે સરકારે ઉપરોક્ત પ્રસ્તાવ મૂક્યો છે. જંતુનાશક દવા પર લાલ, પીળો અને ભૂરો રંગ લગાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. લાલ એટલે અતિ જોખમી, પીળો એટલે મધ્યમ જોખમી અને ભૂરો રંગ હળવી દવા હોવાનો નિર્દેશ કરશે. જંતુનાશક દવાઓ જીવલેણ હોય છે અને તે પીવાથી વ્યક્તિનું મૃત્યુ થઇ શકે છે.

કલર-કોડની મંજૂરી મળ્યા બાદ ખેડૂતોને વેચવામાં આવતી જંતુનાશક દવા માટે પરવાનો આપવા અંગે પણ વિચારણા કરવામાં આવશે. જોખમી અને જીવલેણ જંતુનાશક દવાની ખરીદી માટે ખેડૂતે લાઇસન્સ લેવું પડશે, એમ કૃષિ પેદાશ ખાતાના એક અધિકારીએ જણાવ્યું હતું. કાયદામાં સુધારણા બાદ ખેતરમાં જંતુનાશક દવાના છંટકાવ માટે રોકવામાં આવતા ખેતમજૂરોને સીધી રીતે કામ પર રાખવા પર રોક લાગશે. જંતુનાશક દવાના છંટકાવ માટે પરવાનો આપવા માસ્ટર્સ ઇન એગ્રીકલ્ચર અથવા માસ્ટર્સ ઇન કેમેસ્ટ્રીનો અભ્યાસ કર્યો હોય એવી વ્યક્તિની નિગરાની હેઠળની એજન્સીની પસંદગી કરવામાં આવશે.

# હપ્તો આપવાનો ઇનકાર કરનારા યુવકના ગળા પર ચાકુ હુલાવ્યું

*મુંબઈ:* ફ્રૂટ વેચવાનો વ્યવસાય કરનારા યુવકે હપ્તો ચૂકવવાનો ઇનકાર કરતાં તેના ગળા પર ચાકુ હુલાવવામાં આવ્યું હોવાની ઘટના બોરીવલી પૂર્વમાં બની હતી. કસ્તુરબા માર્ગ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ચંદ્રકાંત પાંડે (૨૦)ને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ફરિયાદમાં જણાવાયા અનુસાર ઘટના મંગળવારે રાતે બની હતી. ફરિયાદી પાંડે દૌલતનગર ખાતે ફળ વેચવાનો વ્યવસાય કરે છે અને આરોપીએ તેની પાસેથી હજાર રૂપિયા હપ્તા પેટે માગ્યા હતા. હપ્તો આપવાનો ઇનકાર કરનારા પાંડેના ગળા પર આરોપીએ ચાકુ વડે ઘા ઝીંક્યો હતો. પાંડેની મદદ માટે દોડી આવેલા ફેરિયાઓ તેમ જ રાહદારીઓને પણ આરોપીએ ચાકુની ધાકે જાનથી મારવાની ધમકી આપી હતી, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

# ગેરકાયદે સ્ટોલની ફરિયાદ કરનારા કાકા-ભત્રીજા પર ચોપરથી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* ગેરકાયદે સ્ટોલની મહાનગરપાલિકામાં ફરિયાદ કરનારા કાકા-ભત્રીજા પર ચોપરથી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના થાણેના આઝાદનગરમાં બની હતી. થાણેનગર પોલીસે આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને એકની ધરપકડ કરી હતી, જ્યારે બીજો આરોપી ફરાર હોવાથી તેની શોધ ચાલી રહી છે.

થાણેના આઝાદનગરમાં રહેતો મનોજ રાવત (૨૩) મંગળવારે રાતે તેના કાકા અમર રાવત સાથે મરાઠી ગ્રંથાલય નજીક આવેલા શેડમાં બેઠો હતો ત્યારે અકબર નામનો શખસ તેના મિત્ર સઇદ ઉર્ફે ગબ્બર નૂરમોહંમદ શેખ (૪૩)ને લઇને ત્યાં આવ્યો હતો અને તેણે કાકા-ભત્રીજાને ગાળો ભાંડી હતી. 'તમે અમારી વિરુદ્ધ મહાનગરપાલિકામાં ફરિયાદ કરો છો,' એવું કહીને અકબરે ચોપર કાઢ્યું હતું અને અમર રાવત પર હુમલો કર્યો હતો.

કાકા પર હુમલો થતા જોઇને મનોજ તેને બચાવવા માટે આવતાં અકબરે તેના પર પણ હુમલો કર્યો હતો. આ ઘટના થાણેનગર પોલીસ સ્ટેશનથી થોડે દૂર જ બની હતી. કાકા-ભત્રીજાએ અકબરના ગેરકાયદે સ્ટોલની પાલિકામાં ફરિયાદ કરી હોવાથી અકબરે તેમના પર હુમલો કર્યો હતો. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# ટૂંક સમયમાં થાણે અને અંધેરીથી બીકેસી એસી બસ દોડાવાશે

*મુંબઇ:* બેસ્ટે થાણેથી બીકેસી અને અંધેરીથી બીકેસી એસી બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ટૂંક સમયમાં આ બન્ને રુટ પર એસી બસ શરૂ થઇ જશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

ગયા એપ્રિલ મહિનામાં બેસ્ટની માલિકીની એસી બસો તબક્કાવાર બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મુંબઇ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઑથોરિટી (એમએમઆરટીએ)એ નવી ૨૫ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક બસ ખરીદી છે. પેટ્રોલ અને ઇલેક્ટ્રિક બન્ને રીતે ચલાવી શકાય એવી એસી બસ બીકેસીથી બાંદ્રા, કુર્લા અને સાયન રેલવે સ્ટેશન વચ્ચે દોડાવવામાં આવશે. એમએમઆરડીએ દ્વારા ખરીદવામાં આવેલી આ બસોનું સંચાલન બૃહદ મુંબઇ ઇલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) કરશે. મુંબઇમાં જાહેર પરિવહનની બસ દોડાવવાની સત્તા બેસ્ટ પાસે છે.

બેસ્ટે થાણેથી બીકેસી અને અંધેરીથી બીકેસી એમ બે લાંબા અંતરના રુટ માટે એસી બસ દોડાવવાની યોજના બનાવી છે, એમ બેસ્ટના જનરલ મેનેજર સુરેન્દ્ર કુમાર બાગડેએ જણાવ્યું હતું.

૩૧ બેઠક ધરાવતી નવી હાઇબ્રિડ એસી બસ શરૂ થતાં ૩૦ ટકા ઇંધણની બચત થશે તેમ જ પ્રદૂષણમાં ઘટાડો થશે. આ બસમાં સીસીટીવી કૅમેરા, વાઇ-ફાઇ હૉટસ્પોટ અને ઇમર્જન્સી સ્ટોપ બટનની સુવિધા હશે. બસની સીટ બકેટ-ટાઇપની નરમ હશે અને તેમાં ટ્યુબલેસ ટાયર બેસાડેલા હશે, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

દર બે મહિને એસી બસના કારણે ખોટ જતી હોવાની ફરિયાદ લઇને રાજ્ય સરકાર પાસે પહોંચી જતી બેસ્ટ નવી એસી બસ શરૂ થયા બાદ આવી ફરિયાદ કરી શકશે નહીં એવો દાવો નિષ્ણાતોએ વ્યક્ત કર્યો હતો.